ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં માસ પ્રમોશન

આપવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭/છ

તારીખ : ૧૬/૦૪/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૪/૦૩/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૨) તા.૧૫/૦૪/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કેબિનેટ બેઠક.

ઠરાવ :

રાજ્યમાં તાજેતરમાં કોરોનો વાઇરસ (કોવિડ-૧૯) નું સંક્રમણ વધતાં તારીખ ૧૫/૦૪/૨૦૨૧ ના રોજ સરકારશ્રી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને રાજ્યના ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા અંગેની જાહેરાત કરવામાં આવેલ છે. સરકારશ્રીના આ નિર્ણય મુજબ રાજ્યમાં કોરોનાના વ્યાપક ફેલાવાને કારણે રાજ્યમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ પૂરતું માસ પ્રમોશનથી પાસ જાહેર કરીને આગળના ધોરણમાં લઇ જવાના રહેશે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આ અંગેની આનુષંગિક વિગતવાર સૂચનાઓ બહાર પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧.સચિવાલય, ગાંધીનગર.
૫. માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૦. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૧૧. નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
૧૨. શાખા સિલેક્ટ ફાઇલ.

જા. નં. માન/2021/5814
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: 16/04/2021

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ મા. અને ઉ.મા. શાળાઓ તરફ.
જાણ તથા અમલ થવા સારૂ.....

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.